# A Plan for Care and Opportunity




સમાચાર પ્રસારણ

માર્ચ ૨૮, ૨૦૧૮

## સારસંભાળ અને તક માટેની યોજનાની સોંપણી

સ્વાસ્થ્યસંભાળ, બાળસંભાળ અને માનસિક સ્વાસ્થ્યમાં રોકાણ કરવાનું ઓન્ટેરિયો ચાલુ રાખે છે

આજે સરકારે ૨૦૧૮ ના અંદાજપત્રનું પ્રસારણ કર્યું છે, જેમાં સમગ્ર પ્રાંતના લોકો માટે સ્વાસ્થ્યસંભાળ, બાળસંભાળ, ઘરમાં લેવાતી સંભાળ અને માનસિક સ્વાસ્થ્યમાં અર્થપૂર્ણ નવા રોકાણો અને નોકરી માટેની વધુ તકો માટેનાં પગલાંનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઝડપી આર્થિક ફેરફારોના સમયમાં જીવન જરૂરિયાતો વધુ પરવડી શકે એવી બને અને વધુ નાણાંકીય સુરક્ષા પૂરી પાડે એવી પ્રાથમિકતાઓ પર પણ આ અંદાજપત્રમાં ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

લગભગ બે દાયકામાં હાલ બેકારીનો દર લઘુતમ હોવાથી ઓન્ટેરિયોની અર્થવ્યવસ્થા વધુ મજબૂત બની રહી છે. તે છતાં વધતા જીવનનિર્વાહ ખર્ચ અને સ્થિર, લાંબા ગાળાની નોકરીઓ શોધવાની મુશ્કેલીઓની વચ્ચે ઘણા લોકોને તેમની તેમ જ તેમના પરિવારોની સારસંભાળ લેવા માટે ભારે જહેમત ઊઠાવવી પડે છે. બદલાતી અર્થવ્યવસ્થાને કારણે આપણા સમાજમાં ખાઈઓ વધતી જાય છે, સરકાર પાસે એક સુયોગ્ય, બહેતર ઓન્ટેરિયો બનાવવાની યોજના છે, જેમાં પ્રાંતના એકેએક જણને આગળ વધવા માટે જરૂરી એવી સારસંભાળ અને તક પૂરી પાડીને ટેકો આપવામાં આવશે.

નાણાંમંત્રી, ચાર્લ્સ સુઝાએ ધારાસભામાં આજે આ અંદાજપત્ર રજૂ કર્યું છે. જો એ પસાર થઈ જશે તો ઓન્ટેરિયોમાં OHIP+ નું વિસ્તરણ થશે જેમાં ૬૫ અને એનાથી વધુ વય ધરાવતી દરેક વ્યક્તિને પ્રિસ્ક્રીપ્શન પર મળનારી દવાઓ મફત મળશે, માનસિક સ્વાસ્થ્યસંભાળ અને વ્યસન માટેની સેવાઓમાં સુધારો થશે, અને અઢી વર્ષની વયના બાળકોને જ્યાં સુધી તેઓ કિંડરગાર્ટનમાં જવા યોગ્ય નહી થાય ત્યાં સુધી શાળાના સમય પહેલાની મફત બાળસંભાળ પૂરી પાડવાનું દાખલ કરવામાં આવશે.

### સારસંભાળમાં રોકાણ

જે તે વ્યક્તિઓ અને પરિવારો પર પોતાના પ્રિયજનોની સારસંભાળ લેવામાં વધતા દબાણને ઓછું કરવા માટે ઓન્ટેરિયો મદદ કરશે અને તેમને એ માટેની દરેક મદદ પૂરી પાડવા માટે:

- નવો સિનીયર્સ હેલ્ધી હોમ પ્રોગ્રામ દાખલ કરવામાં આવશે. જેમાં વધુ ઉંમરવાન વરિષ્ઠોને જ્યાં રહેવું હોય ત્યાં રહેવા માટે જે ખર્ચ આવી શકે એ ધ્યાનમાં લેવામાં આવશે. જેમાં હકદાર ગૃહતંત્રો, જેના વડાંની વય ૭૫ વર્ષ અને એનાથી વધુ હશે, એમને વાર્ષિક ૭૫૦ ડોલર સુધીનો ફાયદો પૂરો પાડવામાં આવશે, જેનાથી એમને સ્વતંત્રપણે રહેવામાં અને એમના ઘરનો નિર્વાહ કરવામાં મદદ થાય.

- એક નવો ઓન્ટેરિયો ડ્રગ અને ડેન્ટલ પ્રોગ્રામ દાખલ કરવામાં આવશે, જેમાં જે લોકોને કાર્યસ્થળેથી સ્વાસ્થ્યલાભ ન મળતો હોય અથવા જો તેઓ OHIP+ અથવા અન્ય સરકારી કાર્યક્રમો દ્વારા આરક્ષિત ન હોય, તો તેઓને દરેક વર્ષમાં યોગ્ય હકદાર પ્રિસ્ક્રીપ્શન પર મળનારી દવાઓ અને દાંત માટેના ખર્ચના ૮૦ ટકા ભરપાઈ કરી આપવામાં આવશે, જેમાં વધુમાં વધુ વ્યક્તિદીઠ ૪૦૦ ડોલર, યુગલદીઠ ૬૦૦ ડોલર અને બે બાળકોવાળા ચાર વ્યક્તિઓના પરિવારને ૭૦૦ ડોલર સુધી મળી શકશે.

- વધુ પરવડી શકે એવી ગુણવત્તાસભર બાળસંભાળ પૂરી પાડવામાં આવશે જેમાં અઢી વર્ષની વયના બાળકોને જ્યાં સુધી તેઓ કિંડરગાર્ટનમાં જવા યોગ્ય નહી થાય ત્યાં સુધી શાળાના સમય પહેલાની મફત બાળસંભાળ મળશે. આને કારણે એક બાળક ધરાવતા પરિવારના સરેરાશ ૧૭,૦૦૦ ડોલર બચશે, અને પૂરા દિવસના કિંડરગાર્ટનને કારણે પરિવારની બચતમાં વધારો થશે. બાળકોને વહેલી ઊંમરે મળતી કેળવણીને કારણે એમના સમગ્ર જીવન દરમિયાનના શૈક્ષણિક દેખાવમાં સુધારો થતો જોવા મળ્યો છે.

- સમગ્ર ઓન્ટેરિયોમાં લાખો વધુ બાળકોને, યુવાવર્ગને અને વયસ્કોને વધુ સારી અને ઝડપી માનસિક સ્વાસ્થ્ય અને વ્યસન માટેની સેવાઓ પૂરી પાડવામાં આવશે – ચાર વર્ષ દરમિયાન કુલ ૧૭ બિલીયન ડોલરથી વધુ રકમનું ભંડોળ પૂરું પાડવામાં આવશે.

- હોસ્પિટલોમાં વધુ સારી સંભાળ સુધીની પહોંચ, રાહ જોવાના સમયમાં ઘટાડો, સંખ્યામર્યાદા વિશેના મુદ્દા પર ધ્યાન આપવા માટે અને ઓન્ટેરિયોની વધતી અને વરિષ્ઠ થતી જનારી જનસંખ્યા માટે ૨૦૧૮–૧૯ માં વધારાના ૮૨૨ મિલીયન ડોલરનું રોકાણ પુરું પાડીને હોસ્પિટલોમાં સુધારા કરીને – લગભગ છેલ્લા દાયકામાં હોસ્પિટલોમાં આ સૌથી મોટું એક સરકાર દ્વારા થનારું રોકાણ છે. આગામી ૧૦ વર્ષ દરમિયાન આ પ્રાંત આશરે ૧૯ બિલીયન ડોલરનું રોકાણ કરીને હોસ્પિટલો બાંધશે અને કેટલીક હોસ્પિટલોનો જીર્ણોધ્ધાર કરીને લોકોને વધારે અને વધુ ઝડપી સ્વાસ્થ્યસંભાળ પૂરી પાડશે.

- આગામી ૧૦ વર્ષ દરમિયાન ૩૦,૦૦૦ નવા લોન્ગ–ટર્મ કેર બેડ્સનું સર્જન કરશે – ૨૦૨૨ સુધીમાં નવા ૫,૦૦૦ બેડ્સ ઉમેરશે – જેનાથી જે લોકો સ્વતંત્રપણે ન જીવી શકે એમ હોય એમને મદદ મળશે અને એમની કાળજી કરનારા લોકોને માનસિક શાંતિ મળશે. હાલમાં પુન:વિકસાવાયેલ ૩૦,૦૦૦ બેડ્સની સંખ્યામાં આ વધારાના નવા બેડ્સનો ઉમેરો થશે.

- યોગ્ય વિકાસની અક્ષમતા ધરાવનારા ૪૭,૦૦૦ વયસ્કો માટેની સેવાઓ મજબૂત કરવા માટે ૧.૮ બિલીયન ડોલરનું રોકાણથી એક સુયોગ્ય સમાજની રચના કરીને તેઓની પસંદગી અને સ્વતંત્રતામાં વધારો કરવામાં આવશે અને નિયમો તેમ જ ધારાઓને બદલે લોકો પર ધ્યાન કેન્દ્રિત કરીને સામાજીક મદદના માળખાની પુન:રચના કરવામાં આવશે.

**જીવન વધુ પરવડી શકે એવું બને**

પરિવારો વધતા દબાણોનો સામનો કરી રહ્યા છે – કાર્યસ્થળે અથવા તો એમની અવરજવર દરમિયાન અથવા તો એમની હિસાબપોથીઓમાં – અને એની ખરેખરી અસર લોકોના જીવન પર અને આપણા પ્રિયજનોની કાળજી લેવા પર પડી રહી છે. ઝડપથી બદલાતી અર્થવ્યવસ્થાના સમયમાં જીવન વધુ પરવડી શકે એવું બને અને વધુ નાણાંકીય સુરક્ષા પૂરી પાડી શકાય એ માટે ઓન્ટેરિયો પગલાં લઇ રહ્યું છે:

- OHIP+ દ્વારા ૬૫ અને એનાથી વધુ વય ધરાવતી દરેક વ્યક્તિને પ્રિસ્ક્રીપ્શન પર મળનારી દવાઓ સંપૂર્ણપણે મફત મળશે, જેનાથી એ વાતની ખાતરી રહેશે કે ક્યારેય કોઇ પણ વરિષ્ઠ નાગરિકે આવશ્યક દવા વગર ચલાવી લેવાનું ન થાય. ઓન્ટેરિયો ડ્રગ બેનિફીટ વાર્ષિક ડિડક્ટીબલ અને કો-પે દૂર કરવાથી દર વર્ષે એક વરિષ્ઠ વ્યક્તિના આશરે ૨૪૦ ડોલર બચી જશે. ૨૦૧૭ ના *ઓન્ટેરિયો અંદાજપત્ર* માં દાખલ કરાયેલ ૨૫ વર્ષથી ઓછી વયની દરેક વ્યક્તિ માટેના મફત પ્રિસ્ક્રીપ્શન્સ બાદનું OHIP+ નું આ વધારાનું વિસ્તરણ હશે.
- જુલાઈ ૧, ૨૦૧૭ થી પબ્લિક ટ્રાંઝિટ ટેક્સ માટેની એક રકમ બાદ મળવાને કારણે દર વર્ષે વરિષ્ઠો માટે ૪૫૦ ડોલર સુધીની બચત થાય છે, અને ગો/અપ એક્સપ્રેસ નેટવર્ક અને ટીટીસી વચ્ચે અદલાબદલી કરનારા સામાન્ય મુસાફરના મુસાફરીખર્ચની રકમમાં લગભગ ૭૨૦ ડોલરનો ઘટાડો થાય છે.
- જુલાઈ ૧, ૨૦૧૭ થી રહેઠાણ માટે વપરાતા વીજળીના બિલોમાં આશરે ૨૫ ટકાની કપાત અને યોગ્ય હકદાર ગ્રામીણ અને ઓછી આવક ધરાવનારા પરિવારો માટે ૪૦ અથવા ૫૦ ટકાની કપાત કરવામાં આવે છે.

**લોકો માટે તક ઊભી કરવી**

બદલાતી અર્થવ્યવસ્થાના સમયમાં ઓન્ટેરિયો લોકોને અનુકૂળ થવામાં અને સમૃધ્ધ થવામાં મદદ કરીને ખાતરી રાખે છે કે આ પ્રાંત લોકોને રહેવા, કામ કરવા અને ધંધો કરવા માટે ઉત્તમ જગ્યા બની રહે. એ માટેના કાર્યમાં નીચે મુજબનાનો સમાવેશ થાય છે:

- દરેક ઉંમરના ૨૨૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ માટે કોલેજ અને યુનિવર્સિટીનું શિક્ષણ મફત બનાવવું. ઓછી અને મધ્યમ આવક ધરાવનારા પરિવારોના વિદ્યાર્થીઓ માટે મફત અથવા નજીવી ફીમાં શિક્ષણ ઉપલબ્ધ છે; ૯૦,૦૦૦ ડોલર સુધી કમાનારા માટે શિક્ષણ મફત છે અને ૧૭૫,૦૦૦ ડોલર સુધી કમાનારા પરિવારના વિદ્યાર્થીઓ પણ નાણાંકીય મદદ મેળવવા માટે હકદાર છે.
- વિદ્યાર્થીઓ અને નોકરીદાતાઓની બદલાતી જરૂરિયાતો મુજબ પોસ્ટસેકન્ડરી શૈક્ષણિક કાર્યક્રમો વિકસાવવા ત્રણ વર્ષ દરમિયાન ૧૩૨ મિલીયન ડોલર પૂરા પાડીને વિદ્યાર્થીઓને સારી નોકરીઓ માટે તૈયાર કરવા – જેમાં સ્થાનિક નોકરીદાતાઓ સાથેની ભાગીદારી મજબૂત કરવાનો સમાવેશ કરીને લવચીક અને અનુભવલક્ષી શિક્ષણનું પ્રદાન કરવું અને આગામી પાંચ વર્ષમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જીનિયરીંગ અને મેથેમેટિક્સ (STEM) સ્નાતકોની ૪૦,૦૦૦ ની સંખ્યામાં ૨૫ ટકાનો વધારો કરીને ૫૦,૦૦૦ કરવી.
- જોબ્સ એન્ડ પ્રોસ્પેરિટી ફન્ડનું નાવીન્યકરણ અને એમાં વધારો કરીને આગામી ૧૦ વર્ષ દરમિયાન ૯૦૦ મિલીયન ડોલરનો વધારો કરીને ૭૦,૦૦૦ થી વધુ નોકરીઓનું સર્જન કરીને એને ચાલુ રાખવાની યોજના કરવી.
- ગુડ જોબ્સ એન્ડ ગ્રોથ પ્લાન દ્વારા ઓન્ટેરિયોના ધંધાઓને, વિદ્યાર્થીઓને અને સ્નાતકોને ટેકો આપવા, તેમ જ સારી, સારા પગારવાળી નોકરીઓને આકર્ષવા માટે ત્રણ વર્ષ દરમિયાન ૯૩૫ મિલીયન ડોલરનું નવું નાણાંભંડોળ પૂરું પાડવું
- લિંગ આધારિત પગારની અસમાનતાને પડકારવી અને નોકરીએ રાખવાની પ્રક્રિયામાં પારદર્શિતા વધારીને એવા કાયદા ઘડવાની દરખાસ્ત કરવી કે જો એ પસાર થાય તો જાહેર કરવામાં આવેલી બધી જ નોકરીઓમાં પગારનો દર અને પગારના સ્તર જાહેર કરવાની આવશ્યકતા રાખવી જેથી દરેક વ્યક્તિ માટે કાર્યસ્થળ યોગ્ય બની શકે.
- સમગ્ર ઓન્ટેરિયોમાં લાંબા સમયથી જેની રાહ જોવાઇ રહી છે એવા પગારના લઘુતમ દરમાં વધારો કરીને જાન્યુઆરી ૧, ૨૦૧૮ થી એક કલાકના ૧૪ ડોલર અને જાન્યુઆરી ૧, ૨૦૧૯ થી એક કલાકના ૧૫ ડોલર પૂરા પાડવા.

મંદીના સમયથી દર વર્ષે આ પ્રાંતે એના રાજવિત્તીય લક્ષ્યો પૂરા કર્યાં છે, અને ૨૦૧૭–૧૮ માં પણ અંદાજપત્રમાં પુરાંતનું જ અનુમાન કરવામાં આવે છે. આ પ્રાંતના લોકો જે સારસંભાળ અને સેવાઓ પર આધાર રાખે છે એમાં જ રોકાણ કરવાનું ૨૦૧૭–૧૮ ની શરૂઆતથી ઓન્ટેરિયો પસંદ કરે છે. એના પરિણામે, આ પ્રાંત જીડીપીના એક ટકા કરતાં ય ઓછી નજીવી ખાધ બતાવશે. આ અંદાજપત્રમાં ૨૦૨૪–૨૫ સુધીમાં સંતુલન કરવાના માર્ગની રૂપરેખા દર્શાવી છે, જે આ પ્રાંતની લાંબા સમયથી ચાલતી આવેલી રાજવિત્તીય સંચાલનની જવાબદારી મુજબની જ છે.

**અવતરણ**

"ઓન્ટેરિયોની અર્થવ્યવસ્થા મજબૂત બની રહી છે, ધંધાઓ અગાઉ નોંધાયેલ સંખ્યા કરતાં વધુ નોકરીઓ ઊભી કરી રહ્યા છે, અને લગભગ બે દાયકામાં હાલ બેકારીનો દર લઘુતમ છે. આપણું અંદાજપત્ર સંતુલિત છે. આપણી પાસે ૬૦૦ મિલીયન ડોલરની પુરાંત છે. હવે આપણે આપણી મજબૂત રાજવિત્તીય પરિસ્થિતિનો ઉપયોગ સમગ્ર પ્રાંતમાં પરિવારોના જીવન વધુ પરવડી શકે એવાં બને અને ધંધાઓ માટે નવી તકો ઊભી થાય એ માટે કરીએ છીએ. ૨૦૧૮ ના અંદાજપત્રમાં સ્વાસ્થ્યસંભાળ, બાળસંભાળ અને વરિષ્ઠોની સંભાળમાં નવા રોકાણ કરવાનો સમાવેશ કરીને વધુ પરિવારોને આગળ વધવામાં મદદ થશે."

—ચાર્લ્સ સુઝા, નાણાંમંત્રી

## હકિકતો

- ઓન્ટેરિયોના લોકો જે આવશ્યક જાહેર સેવાઓ પર આધાર રાખે છે, જેમ કે, સ્વાસ્થ્યસંભાળ, શિક્ષણ, બાળસંભાળ, વરિષ્ઠો, સામાજીક સેવાઓ, વિકસતી અર્થવ્યવસ્થા અને સારી નોકરીઓના નિર્માણ જેવા અગ્રેસરતા ધરાવનારા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરીને, એ બધાને ટેકો આપીને, આગામી ત્રણ વર્ષ દરમિયાન સરકાર ૨૦.૩ બિલીયન ડોલરના નવા રોકાણો કરવાનું પસંદ કરી રહી છે.
- મંદીના સમયથી અત્યાર સુધીમાં, ઓન્ટેરિયોની અર્થવ્યવસ્થાએ ૮૦૦,૦૦૦ થી વધુ સ્પષ્ટ નવી નોકરીઓ મેળવી છે. છેલ્લા ૧૭ વર્ષની સરખામણીમાં, ફેબ્રુઆરી ૨૦૧૮ માં બેકારીનો દર સૌથી ઓછો જણાયો છે, અને લાગલગાટ ૩૪ મહિનાથી રાષ્ટ્રિય સરેરાશથી ઓછો રહ્યો છે.
- ૨૦૧૪ થી ઓન્ટેરિયોની અર્થવ્યવસ્થા કેનેડા તેમ જ અન્ય બધા જ જી૭ દેશો કરતાં વધારે વિકસી છે.

## વિશેષ સ્રોતો

- *૨૦૧૮ ઓન્ટેરિયો બજેટ:* ***સારસંભાળ અને તક માટેની યોજના*** **વાંચો**
  - સરકારની યોજનાની વધુ વિગતો માટે, હકિકતો દર્શાવતી પત્રિકાઓ વાંચો:
    - ઓન્ટેરિયો બજેટ ૨૦૧૮: મુખ્ય ૧૦ મુદ્દા
    - રોજબરોજનું જીવન વધુ પરવડે એવું બનાવવું
    - વધુ બાળસંભાળ, વધુ પસંદગીઓ
    - ઓન્ટેરિયોના વરિષ્ઠોની સંભાળ
    - સ્વાસ્થ્યસંભાળ માટે વધુ સારી, ઝડપી પહોંચ
    - સંભાળ માટેની યોજના
    - ઓન્ટેરિયોની સ્પર્ધાત્મકતા વધારવી અને નવી નોકરીઓનું નિર્માણ
    - ઓન્ટેરિયોના આર્થિક અને રાજવિત્તીય કેન્દ્રબિન્દુઓ

---

**For Media Inquiries Only:**

Jessica Martin, Minister’s Office
jessica.martin@ontario.ca, 416-212-5181

Scott Blodgett, Ministry of Finance
scott.blodgett@ontario.ca, 416-325-0324

**ontario.ca/finance**

*Disponible en français*